RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યૂઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 165 * Date: 08.4.2026,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# સીઝફાયર કે મહાયુદ્ધ? જેડી વેન્સ મેદાનમાં ઉતરવા તૈયાર, વિટકોફ-કુશનરની ઈરાન સાથે ગુપ્ત બેઠક




ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભયાનક સંઘર્ષમાં હવે એક મોટો વળાંક આવવાની શક્યતા છે. પડદા પાછળ ચાલી રહેલી ગુપ્ત વાટાઘાટો હવે નિર્ણાયક તબક્કે પહોંચી છે. જો આ બેકચેનલ વાતચીત સફળ રહેશે, તો અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ સીધા જ ઈરાની અધિકારીઓ સાથે ટેબલ પર બેસી શકે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈરાન સાથેની અત્યંત સંવેદનશીલ મંત્રણા માટે જેડી વેન્સને સ્ટેન્ડબાય પર રાખવામાં આવ્યા છે. હાલમાં આ વાટાઘાટો રાષ્ટ્રપતિ ટ્રમ્પના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને તેમના જમાઈ જેરેડ કુશનરના નેતૃત્વમાં ચાલી રહી છે. જો આ મધ્યસ્થીઓ વાતચીતને સીધા સંવાદના સ્તર સુધી લઈ જવામાં સફળ થાય, તો જેડી વેન્સ પોતે કમાન સંભાળશે. આ ગતિવિધિઓને જોતા એવી પણ અટકળો તેજ થઈ છે કે શું આજે જ યુદ્ધવિરામની જાહેરાત થઈ શકે છે?

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવાર રાત સુધીની આખરી તક આપી છે. ટ્રમ્પની મુખ્ય માંગ છે કે, ઈરાન કોઈપણ શરત વગર હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલી દે. જો ઈરાન આ માંગ સ્વીકારવા તૈયાર નહીં થાય, તો અમેરિકા જંગને વધુ આક્રામક બનાવશે. ટ્રમ્પ પહેલા જ ચેતવણી આપી ચૂક્યા છે કે, જો ઈરાની નેતાઓ વાત નહીં માને, તો ઈરાનના મહત્વના પુલો અને પાવર પ્લાન્ટ્સ પર સીધો હુમલો કરવામાં આવશે. ટ્રમ્પ પોતાના બીજા કાર્યકાળમાં બે વાર આવી ડેડલાઇન આપી ચૂક્યા છે અને વાત ન મનાતા સૈન્ય કાર્યવાહી પણ કરી છે.

૨૮ ફેબ્રુઆરીથી અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન વિરુદ્ધ સૈન્ય અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. તેહરાન સહિત ઈરાનના મુખ્ય શહેરો પર હુમલા થયા છે. સામે પક્ષે, ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે (ઈય્ઝ) એ પણ વળતો પ્રહાર કરતા ઈઝરાયલ અને ખાડી દેશો (બહેરીન, કુવૈત, કતાર, છઈ) માં આવેલા અમેરિકી સૈન્ય મથકોને નિશાન બનાવ્યા છે.

હાલમાં એ સ્પષ્ટ નથી થયું કે, આ ગુપ્ત વાતચીતના બદલામાં ઈરાન કઈ શરતો રાખશે. જોકે, ઈરાન જે રીતે હોર્મુઝ સામુદ્રધુની પર નિયંત્રણ જાળવી રાખવા અને નવી વ્યવસ્થાની માંગ કરી રહ્યું છે, તે જોતા આ વાટાઘાટો ઘણી જટિલ બની શકે છે. અમેરિકા આ આખી પ્રક્રિયાને અત્યંત ગુપ્ત રાખી રહ્યું છે જેથી કોઈપણ અવરોધ વગર સીધો સંવાદ સ્થાપિત કરી શકાય.જેડી વેન્સ ઈરાની પ્રતિનિધિઓ સાથે સીધી મુલાકાત કરી શકે છે જે નિર્ણાયક મંત્રણા સાબિત થઈ શકે છે. જેરેડ કુશનર અને સ્ટીવ વિટકોફ હાલ પડદા પાછળ સક્રિય છે. મંગળવાર રાત સુધીમાં જળમાર્ગ ન ખુલે તો મોટા હુમલાની ધમકી આપી હતી. ઈરાન દ્વારા ખાડી દેશોમાં આવેલા અમેરિકી મથકો પર વળતા હુમલા કરી રહ્યું છે. વિશ્વની નજર અત્યારે વોશિંગ્ટન અને તેહરાન વચ્ચેના આ ગુપ્ત સંદેશા વ્યવહાર પર છે. જો આ વાટાઘાટો સફળ રહેશે તો મધ્ય પૂર્વમાં ફાટી નીકળેલું આ ભીષણ યુદ્ધ શાંત પડી શકે છે.

## ઈરાનમાં સત્તા કોના હાથમાં? સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈ બેભાન, નિર્ણય લેવા સક્ષમ નથી: રિપોર્ટમાં દાવો

ઈરાનના રાજકારણ અને મધ્ય પૂર્વના યુદ્ધમાં અત્યાર સુધીનો સૌથી મોટો ધડાકો થયો છે. ધ ટાઈમ્સના એક અહેવાલ અનુસાર, ઈરાનના નવા નિમણૂક પામેલા સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈ હાલ બેભાન અવસ્થામાં છે અને તેમની હાલત અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ જે હુમલામાં તેમના પિતા આયાતુલ્લા અલી ખામેનેઈનું મૃત્યુ થયું હતું, તે જ હુમલામાં મોજતબા પણ ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ છે.યુએસ-ઈઝરાયેલ ઈન્ટેલિજન્સ દ્વારા ખાડી દેશો સાથે શેર કરવામાં આવેલી ડિપ્લોમેટિક મેમો અનુસાર, ૫૬ વર્ષીય શિયા મૌલવી મોજતબા ખામેનેઈ હાલમાં તેહરાનથી ૮૭ માઈલ દૂર આવેલા પવિત્ર શહેર કુમની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. મેમોમાં જણાવ્યા મુજબ મોજતબા ખામેનેઈ કુમમાં ગંભીર હાલતમાં છે અને તેઓ શાસન દ્વારા લેવામાં આવતા કોઈપણ નિર્ણયમાં સામેલ થઈ શકે તેવી સ્થિતિમાં નથી. આ પ્રથમ વખત છે જ્યારે સુપ્રીમ લીડરનું ચોક્કસ લોકેશન જાહેર થયું છે. ઈન્ટેલિજન્સ એજન્સીઓ પાસે આ માહિતી પહેલાથી જ હતી, પરંતુ તે અત્યાર સુધી ગુપ્ત રાખવામાં આવી હતીસત્તા સંભાળ્યા પછી મોજતબા ખામેનેઈ અત્યાર સુધી એક પણ વાર જાહેરમાં દેખાયા નથી. જેના કારણે તેમના જીવિત હોવા અંગે અનેક અટકળો વહેતી થઈ હતી. એવી પણ અફવા હતી કે, તે જ હુમલામાં તેમનું પણ મૃત્યુ થયું છે. જોકે, ઈરાની અધિકારીઓએ વારંવાર દાવો કર્યો છે કે, મોજતબા ઈરાનનું સુકાન સંભાળી રહ્યા છે અને પશ્ચિમ એશિયાના સંઘર્ષમાં મહત્વના નિર્ણયો લઈ રહ્યા છે.

# મિડલ ઈસ્ટમાં ભીષણ યુદ્ધની આશંકા? અમેરિકામાં ડૂમ્સડે પ્લેનના આંટાફેરા, ફફડી ઉઠી દુનિયા




મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ યુદ્ધ અને ઈરાન સાથેની શાંતિ મંત્રણા નિષ્ફળ જતાં હવે દુનિયા પર પરમાણુ યુદ્ધનું જોખમ તોળાઈ રહ્યું હોય તેવા સંકેતો મળી રહ્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું ડૂમ્સડે પ્લેન તરીકે ઓળખાતું અત્યંત સુરક્ષિત વિમાન સોમવારે નેબ્રાસ્કાના આકાશમાં ચક્કર લગાવતું જોવા મળ્યું હતું. જેનાથી સમગ્ર વિશ્વમાં ફફડાટ ફેલાયો છે.બોઈંગ ઈ-૪મ્ નાઈટવોચને જનરલ ભાષામાં ડૂમ્સડે પ્લેન કહેવામાં આવે છે. આ કોઈ સામાન્ય વિમાન નથી, પરંતુ હવામાં તરતું અમેરિકાનું કમાન્ડ સેન્ટર છે. આ વિમાન એવી રીતે બનાવવામાં આવ્યું છે કે તે પરમાણુ વિસ્ફોટ અને ઈલેક્ટ્રોમેગ્નેટિક પલ્સ (ઈસ઼઼) ને પણ સહન કરી શકે છે. કટોકટીના સમયે અમેરિકી રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને સંરક્ષણ મંત્રી આ વિમાનમાંથી જ આખા દેશનું સંચાલન કરી શકે છે અને સૈન્યને આદેશ આપી શકે છે. આ વિમાન સતત ઘણા દિવસો સુધી હવામાં રહી શકે છે કારણ કે તેમાં હવામાં જ ઈંધણ ભરી શકાય તેવી સુવિધા છે.

સોમવાર, ૬ એપ્રિલના રોજ ફ્લાઈટ ટ્રેકિંગ ડેટા મુજબ, આ વિમાન સવારે ૧૦.૧૭ વાગ્યે નેબ્રાસ્કાના ઓફટ એરફોર્સ બેઝ પરથી ઉડ્યું હતું. આ એરબેઝ અમેરિકાના પરમાણુ કમાન્ડ સેન્ટરનું મુખ્ય મથક છે. વિમાને આ વિસ્તારમાં ઓછામાં ઓછા ૬ ચક્કર લગાવ્યા હતા. જોકે, સત્તાવાર રીતે તેને એક રૂટિન એક્સરસાઈઝ ગણાવવામાં આવી રહી છે, પરંતુ સમયને જોતા અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. ઓફટ એરબેઝની આસપાસ નાગરિક હવાઈ ટ્રાફિક ઓછો હોવાથી ત્યાં અવારનવાર આવી તાલીમ થતી હોય છે.

આ ઘટના એવા સમયે બની છે જ્યારે પાકિસ્તાનની મધ્યસ્થતામાં ચાલી રહેલી શાંતિ મંત્રણાને ઈરાને ફગાવી દીધી છે. ઈરાને પાકિસ્તાન દ્વારા પ્રસ્તાવિત યુદ્ધવિરામના પ્લાનને નકારી કાઢતા કાયમી શાંતિની માંગ કરી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે મંગળવાર સુધીની ડેડલાઇન આપતા ઈરાનને ચેતવણી આપી છે કે, જો તેઓ વૈશ્વિક ઉર્જા માર્ગો ખોલવા માટે તૈયાર નહીં થાય, તો તેહરાનને નરક (ઊ઼ીૐ) બનાવી દઈશું.

## હવાઈ મુસાફરી થઈ મોંઘી: એર ઈન્ડિયાએ ફ્યુલ સરચાર્જના નામે ભાડું વધાર્યું, જાણો કયા રૂટ પર કેટલો વધારો



ઈરાન યુદ્ધને કારણે વૈશ્વિક સ્તરે જેટ ફ્યુઅલના ભાવમાં થયેલા ૧૦૦ ટકાના ઉછાળા બાદ એર ઈન્ડિયાએ ૮ એપ્રિલથી ભાડામાં વધારો કર્યો છે. હવે એરલાઈન અંતરના આધારે રૂ. ૨૯૯થી રૂ. ૮૯૯ સુધીનો સરચાર્જ આપવો પડશે. અગાઉ માર્ચમાં કંપનીએ રૂ. ૩૯૯નો ફ્લેટ રેટ રાખ્યો હતો, પરંતુ હવે તેને 'ડિસ્ટન્સ બેઝ્ડ ગ્રીડ' માં ફેરવી દેવામાં આવ્યો છે.ક્રૂડ ઓઈલમાં ભડકો: ફેબ્રુઆરીના અંતમાં જેટ ફ્યુઅલનો ભાવ ૯૯.૪૦ ડોલર હતો, જે ૨૭ માર્ચ સુધીમાં વધીને ૧૯૫.૧૯ ડોલર પ્રતિ બેરલ થઈ ગયો છે.રિફાઈનરી માર્જિન : ઈંધણને રિફાઈન કરવાનો ખર્ચ માત્ર ત્રણ અઠવાડિયામાં ત્રણ ગણો વધી ગયો છે, જે એરલાઈન્સ માટે મોટો પડકાર છે.

# અમદાવાદ શહેરની એકસાથે ૧૩૩ શાળાઓને DEOની નોટિસ:ખાતાકીય ઓડિટમાં રિકવરી પેન્ડિંગ હોવાથી અંતિમ નોટિસ અપાઈ, ૨.૯૧ કરોડની ચૂકવણી બાકી, DEOની મિલ્કત જપ્ત કરવાની તૈયારી




અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી (ઙ્ઈ) દ્વારા શહેરની ૧૩૩ ગ્રાન્ટેડ શાળાઓને ખાતાકીય ઓડિટ દરમિયાન સામે આવેલી ?૨.૯૧ કરોડની પેન્ડિંગ રિકવરી મુદ્દે અંતિમ નોટિસ ફટકારવામાં આવી છે. વર્ષોથી બાકી રહેલી આ સરકારી રકમની વસૂલાત માટે શાળાઓને ખુલાસો કરવા અથવા ચલણ રજૂ કરવા આદેશ અપાયો છે, અન્યથા કલેક્ટર મારફતે મિલકત જપ્ત કરવાની કાર્યવાહી કરવાની ચીમકી આપવામાં આવી છે.ખાતાકીય ઓડિટ દરમિયાન જાણવા મળ્યું છે કે, શહેરની ૧૩૩ જેટલી ગ્રાન્ટેડ શાળાઓએ સરકારી અનુદાન મેળવ્યા બાદ નિયમ મુજબ પરત કરવાની થતી ગ્રાન્ટની રકમ હજુ સુધી જમા કરાવી નથી. કુલ ?૨,૯૧,૦૦,૦૦૦ જેટલી રકમ સરકારી તિજોરીમાં જમા થવાની બાકી છે. જેમાં સૌથી વધુ મણિનગરની જય સોમનાથ શાળાની ?૬૨.૫૫ લાખની રિકવરી બાકી છે, જ્યારે આશ્રમ રોડની શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલની ?૨૯.૭૯ લાખની રકમ ચૂકવવાની બાકી છે. આ ઉપરાંત ૫ શાળાઓ એવી છે જેમની પાસે ?૧૨ લાખથી વધુની વસૂલાત બાકી નીકળે છે.જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, શહેરી ગ્રાન્ટેડ શાળાઓ કે જેમની ખાતાકીય ઓડિટમાં રિકવરી છેલ્લા ઘણા વર્ષથી પેન્ડિંગ હતી તેમને રિકવરી ભરવા માટે સૂચના આપવામાં આવી છે. આ સાથે અંતિમ નોટિસમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, ઘણા વર્ષોથી આ રિકવરી પેન્ડિંગ છે તો તમે ચલણથી ભરી હોય તો ચલણની કોપી અને જો વેવ કરાવી હોય તો તેના આધારે અહીં રજૂ કરવામાં આવે નહિતર આ બાબતે રજૂઆત કરવી હોય તો પણ કરી શકો છો. નહિતર જે બાકી રકમ છે તેને સરકારી બોજો સમજીને તમારી મિલકત જે છે તેમાં બોજો દાખલ કરવા માટે કલેક્ટરને લખવાની ફરજ પડી શકે છે.નિભાવ ગ્રાન્ટ જ્યારે આપવામાં આવતી હોય છે તે પછી તેને ફી વિકલ્પ સ્વીકાર્યો હોય તેવી મોટા ભાગની શાળાઓ છે. જેમાં સરકારી અનુદાન ફક્ત પગારનો જ આપવામાં આવતો હોય છે, નિભાવ ગ્રાન્ટ આપવામાં આવતી હોતી નથી જેથી રિકવરી કરવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. જે શાળાઓ નિભાવ ગ્રાન્ટવાળી છે તેમણે અમે ગ્રાન્ટમાંથી કાપ આપીને તેમને ગ્રાન્ટ આપવામાં આવે છે.

અંતિમ નોટિસ અપાઈ હોવાનું કહી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, જેથી શાળાઓને અંતિમ નોટિસ પણ આપવામાં આવી છે. તેમજ રિકવરી બાબતે તેઓએ અત્યાર સુધી શું કાર્યવાહી કરી છે, અને તેઓ ભરવાની તૈયારીમાં હોય તો ચલણ ભરીને અહીયા રજૂ કરી શકે છે. નહિતર ના છૂટકે કલેક્ટરને યાદી સાથે રિકવરી ભરવાની થતી હોય તે મોકલી આપવાની ફરજ પડી શકે છે. ઘણી બધી શાળાઓની રિકવરી બાકી છે. જેમાં શાળાઓ એવી છે કે જેની એક લાખથી વધુ તો ઘણી શાળાઓની ૨૫ લાખથી પણ વધુની રિકવરી બાકી છે. તો ખાસ કરીને આ બાબતે અમે તેમને જણાવ્યું છે કે તેમજ રૂબરૂ બોલાવીને તેમની પાસે જવાબ માંગવામાં આવ્યો છે.

## તંત્રી લેખ....

# સોનાની આયાતમાં ૨૯%નો વધારો, ચાંદીની ૧૪૨.૮૭% વધીને ૧૧.૪૩ અબજ ડોલર

અમદાવાદ : વિક્રમી ઊંચા ભાવ હોવા છતાં, સોના અને ચાંદીની આયાતમાં નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૨૫-૨૬ નાણાકીય વર્ષના પ્રથમ ૧૧ મહિનામાં સોના અને ચાંદીની આયાતમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો છે, જેના કારણે દેશની વેપાર ખાધ પર દબાણ આવ્યું છે.વાણિજય મંત્રાલયના તાજેતરના આંકડા અનુસાર, એપ્રિલ અને ફેબ્રુઆરી ૨૦૨૫-૨૬ દરમિયાન ભારતની સોનાની આયાત આશરે ૨૮.૭૩ ટકા વધીને ૬૯ અબજ ડોલર થઈ છે, જે ગત નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં ૫૩.૫૨ અબજ ડોલર હતી. સોનાની આયાતમાં આ તીવ્ર વધારાને કારણે દેશની વેપાર ખાધ ૩૧૦.૬૦ અબજ ડોલરે પહોંચી ગઈ છે. એક વર્ષ અગાઉ વેપાર ખાધ ૨૬૧.૮૦ અબજ ડોલર હતી. બીજી તરફ, ચાંદીની આયાતમાં પણ બમ્પર ૧૫૦ ટકા આસપાસનો વધારો નોંધાયો છે. એપ્રિલથી ફેબ્રુઆરી, ૨૦૨૬ના સમયગાળા દરમિયાન ચાંદીની આયાત ૧૪૨.૮૭ ટકા વધીને ૧૧.૪૩ અબજ ડોલર થઈ ગઈ છે. ચાંદીનો ઉપયોગ ફક્ત ઘરેણાંમાં જ નહીં પરંતુ ઇલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઈલ અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રોમાં પણ વ્યાપકપણે થાય છે, જેનાથી તેની માંગ જળવાઈ રહે છે.

ભારતની સોનાની આયાતમાં સ્વિટ્ઝર્લેન્ડનો હિસ્સો સૌથી મોટો ૪૦ ટકા અસપાસ છે. ત્યારબાદ સંયુક્ત આરબ અમીરાત (૧૬ ટકા) અને દક્ષિણ આફ્રિકા (આશરે ૧૦ ટકા) આસપાસ છે. નોંધનીય છે કે ભારત ચીન બાદ વિશ્વનો બીજો સૌથી મોટો સોનાનો ગ્રાહક દેશ છે અને આયાતનો નોંધપાત્ર હિસ્સો ઘરેણાં ઉદ્યોગની માંગને પહોંચી વળવા માટે જ થાય છે.

# છત્તીસગઢઃ ૨૦૦૩માં NCP નેતાની હત્યા કેસમાં અમિત જોગીને આજીવન કેદની સજા

છત્તીસગઢ હાઈકોર્ટે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અજિત જોગીના પુત્ર અમિત જોગીને ૨૦૦૩માં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (દ્બઝ઼ૅ)ના નેતા રામાવતાર જગ્ગીની હત્યાના કેસમાં આજીવન કેદની સજા ફટકારી છે.

અમિત જોગીને ૨૦૦૭માં ટ્રાયલ કોર્ટે નિર્દોષ જાહેર કર્યા હતા. સુપ્રીમ કોર્ટના નિર્દેશો બાદ બેન્ચે કેસ ફરીથી ખોલ્યાના એક મહિના પછી હાઈકોર્ટનો આ આદેશ આવ્યો છે, જેમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (ઝ઼ૈં) દ્વારા અપીલ દાખલ કરવામાં થયેલા વિલંબને માફ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ રમેશ સિંહા અને ન્યાયાધીશ અરવિંદ કુમાર વર્માની બેન્ચે ૨ એપ્રિલના પોતાના આદેશમાં જણાવ્યું હતું કે, ×અમારું માનવું છે કે વિદ્વાન ટ્રાયલ જજે આરોપી અમિત જોગીને નિર્દોષ જાહેર કરવાનો જે ચુકાદો આપ્યો છે તે ગેરકાયદેસર, ખોટો, વિકૃત, રેકોર્ડ પર ઉપલબ્ધ પુરાવાઓથી વિપરીત અને કોઈ નક્કર આધાર વિનાનો છે.×

હાઈકોર્ટનો આદેશ, જેણે નિર્દોષ જાહેર કરવાની સજાને ઉલટાવી અને આજીવન કેદની સજા ફટકારી, સોમવારે હાઈકોર્ટની વેબસાઈટ પર પોસ્ટ કરવામાં આવ્યો હતો.

ટ્રાયલ કોર્ટના ૨૦૦૭ના ચુકાદાને બાજુ પર રાખીને, બેન્ચે અમિત જોગીને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ (હત્યા) અને ૧૨૦-મ્ (ગુનાહિત કાવતરું) હેઠળ દોષિત ઠેરવ્યા અને તેમને આજીવન કેદની સજા ફટકારી.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા જગ્ગીની હત્યા ૪ જૂન, ૨૦૦૩ના રોજ કરવામાં આવી હતી, જ્યારે અમિતના પિતા અજિત જોગી રાજ્યના મુખ્યમંત્રી હતા. ફરિયાદ પક્ષના જણાવ્યા અનુસાર, દ્બઝ઼ૅના છત્તીસગઢ એકમના ખજાનચી જગ્ગીની પાર્ટી દ્વારા આયોજિત રેલીને વિક્ષેપિત કરવાના કાવતરાના ભાગ રૂપે આરોપીઓ દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.શરૂઆતમાં રાજ્ય પોલીસ દ્વારા આ કેસની તપાસ કરવામાં આવી હતી અને બાદમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશનને સોંપવામાં આવી હતી, જેણે અમિત જોગી સહિત અનેક આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી હતી.

૨૦૦૭ના ચુકાદામાં, રાયપુરની એક ટ્રાયલ કોર્ટે ૨૮ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા, અને કહ્યું હતું કે ફરિયાદ પક્ષે પોતાનો કેસ સાબિત કર્યો છે, પરંતુ અમિત જોગીને નિર્દોષ જાહેર કર્યા હતા. છત્તીસગઢ સરકારે ચુકાદા સામે અપીલ કરી હતી કારણ કે કેસ ઝ઼ૈં દ્વારા ચલાવવામાં આવ્યો હતો.

ત્યારબાદ સીબીઆઈએ નિર્દોષ છૂટકારોને પડકાર્યો; જોકે, ૨૦૧૧ માં હાઇકોર્ટે વિલંબના આધારે તેની અરજી ફગાવી દીધી હતી. રાજ્ય સરકાર અને જગ્ગીના પુત્ર સતીશ જગ્ગી દ્વારા અલગથી દાખલ કરાયેલી અપીલ પણ નિષ્ફળ ગઈ.

ગયા વર્ષે નવેમ્બરમાં સુપ્રીમ કોર્ટની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે હાઇકોર્ટને સીબીઆઈની અરજી પર સુનાવણી કરવાનો નિર્દેશ આપ્યો ત્યારે કેસમાં નવો વળાંક આવ્યો, જેમાં નોંધ્યું હતું કે અપીલ દાખલ કરવામાં વિલંબ થયો હતો, પરંતુ અમિત જોગી સામેના આરોપો ×ખૂબ જ ગંભીર× હતા, જેમાં રાજકીય હરીફની હત્યાનું કાવતરું સામેલ હતું, અને યોગ્યતાના આધારે વિચારણા જરૂરી હતી.

૨ એપ્રિલના રોજ હાઇકોર્ટના આદેશ પર પ્રતિક્રિયા આપતા, અમિત જોગીએ કહ્યું કે આ અન્યાય છે અને તેમને આશા છે કે તેમને સુપ્રીમ કોર્ટ તરફથી ન્યાય મળશે.×પ્રિય મિત્રો અને શુભેચ્છકો, આજે માનનીય હાઈકોર્ટે મારી વિરુદ્ધ સીબીઆઈની અપીલ માત્ર ૪૦ મિનિટમાં સ્વીકારી લીધી, મને સાંભળવાની તક આપ્યા વિના. મને દુઃખ છે કે કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર કરાયેલા વ્યક્તિને હવે સુનાવણીની એક પણ તક વિના દોષિત જાહેર કરવામાં આવ્યો છે. આવું પહેલાં ક્યારેય બન્યું નથી,× તેમણે ૨ એપ્રિલના રોજ ઠ પર એક પોસ્ટમાં કહ્યું.રામાવતાર જગ્ગીના પુત્ર સતીશ જગ્ગી, જેમણે જોગીની નિર્દોષ છુટકારો સામે પણ અપીલ કરી હતી, તેમણે ૨ એપ્રિલના ચુકાદાનું સ્વાગત કર્યું. ×સત્યનો વિજય થયો છે,× તેમણે કહ્યું.

# શરદ પવાર, રામદાસ આઠવલે સહિત ૧૯ નેતાઓએ રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લીધા

નવી દિલ્હી/મુંબઈ,

સોમવારે શપથ લેનારા ૧૯ નવા રાજયસભા સભ્યોમાં દ્બઝ઼ૅ-જીઝ઼ૅ નેતા શરદ પવાર અને કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેનો સમાવેશ થયો હતો.

રાજયસભાના અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણનની હાજરીમાં શપથ લેવામાં આવ્યા હતા.

રાજયસભા ચેમ્બરમાં આ સમારોહ દરમિયાન ઉપસભાપતિ હરિવંશ અને સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ હાજર હતા.

ગૃહમાં સંબંધિત પક્ષોના ફ્લોર લીડર્સ પણ હાજર હતા.

નવા ચૂંટાયેલા સભ્યોમાં મહારાષ્ટ્રના પાંચ, તમિલનાડુના છ, પશ્ચિમ બંગાળના પાંચ અને ઓડિશાના ત્રણ સભ્યોનો સમાવેશ થાય છે.મહારાષ્ટ્રમાં ભાજપ એકમના માયા ચિંતામન ઈવનાટે સૌપ્રથમ શપથ લીધા હતા, ત્યારબાદ પવાર વ્હીલચેરમાં આવ્યા હતા.

રામરાવ સખારામ વાડકુટે (ભાજપ), જયોતિ નાગનાથ વાઘમારે (જીજી) અને આઠવલે (ઈંૈ-છ) એ પણ ઉપલા ગૃહમાં મહારાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરતા સભ્યો તરીકે શપથ લીધા હતા.

ઓડિશામાંથી મનમોહન સમાલ (ભાજપ), સનરુપ્ટ મિશ્રા (બીજેડી) અને દિલીપ કુમાર રે (ભારત) એ સભ્યો તરીકે શપથ લીધા, જ્યારે કોન્સ્ટેન્ડાઇન રવિન્દ્રન (ડીએમકે), ક્રિસ્ટોફર મણિકમ (કોંગ્રેસ), એલ કે સુધીશ (ડીએમડીકે), એમ થમ્બીદુરાઈ (એઆઈએડીએમકે), તિરુચી શિવ (ડીએમકે) અને અંબુમણી રામદાસ (પીએમકે) એ તમિલનાડુનું પ્રતિનિધિત્વ કરતા સભ્યો તરીકે શપથ લીધા.

# વડોદરામાં કોંગ્રેસનું કમિટમેન્ટ : મહિલા, સિનિયર સિટીઝનો, વિદ્યાર્થીઓ માટે સિટી બસ ફ્રી, બે ટાઈમ પાણી




વડોદરા મહાનગર પાલિકાની ચૂંટણીના પડઘમ વાગવાના શરૂ થઈ ગયા છે ત્યારે શહેર કોંગ્રેસ દ્વારા આગામી ચૂંટણી અંગે લોકો સમક્ષ મેનિફેસ્ટોની જગ્યાએ કમિટમેન્ટ શબ્દ વાપરીને જુદા જુદા વચનો આપ્યા છે. જેમાં શહેરની મૂળભૂત અને આંતરમાળખાકીય સુવિધાઓમાં પાણી, સફાઈ, રસ્તા સહિત સામાજિક અને જન સુવિધા બાબતે રહેઠાણ અને સ્મશાન ગૃહો ટાઉનહોલના નવીનીકરણ તથા ભ્રષ્ટાચાર વિરોધી અભિયાન, પારદર્શક કાર્યપ્રણાલીના નેજા હેઠળ જનતા ઓડિટ અને પર્યાવરણ તથા શહેરના વિકાસ અંગે જુદા જુદા વચનોની લહાણી કરવામાં આવી હતી. વડોદરા શહેર કોંગ્રેસના કમિટમેન્ટ (મેની ફેસ્ટો)માં જણાવાયું છે કે શહેરીજનોને તમામ વિસ્તારમાં પીવાનું બે વખત પાણી અને ખાડા મુક્ત રસ્તાનું નવીનીકરણ તથા સિનિયર સિટીઝનો અને મહિલાઓ સહિત વિદ્યાર્થીઓ માટે સીટી બસની સુવિધા સંપૂર્ણ ફ્રી કરવા કોંગ્રેસના કમિટમેન્ટમાં જણાવાયું હતું. એ જ રીતે રહેતા અને આવાસ મુખ્ય સમસ્યા હોવાથી શહેરની વસ્તી મુજબ નવા સરકારી આવાસો અને શહેરના જુદા જુદા સ્મશાન ગૃહો સહિત તાવોનું હોલ અને કોમ્યુનિટી હોલનું ઓડિટ કરાવીને તેનું નવીનીકરણ કરવાનું પણ કમિટમેન્ટ કર્યું હતું. આવી જ રીતે ભ્રષ્ટાચાર વિરોધી અભિયાન ચલાવીને પાલિકા દ્વારા જાહેર થતા ટેન્ડરોમાં થયેલા બેફામ ભ્રષ્ટાચારને ઉઘાડો પાડવા શ્વેત પત્ર પણ જાહેર કરવા કમિટમેન્ટમાં કોંગ્રેસ દ્વારા જણાવ્યું હતું. આ ઉપરાંત ભ્રષ્ટાચારીઓને સજા અપાવવા બાબતે પણ જણાવ્યું હતું. આ ઉપરાંત પારદર્શક કાર્ય પ્રણાલી મુજબ વહીવટમાં સંપૂર્ણ પારદર્શિતા લાવવા માટે તમામ કાર્યવાહી માટે જનતા ઓડિટ કરાવવા પણ અનોખું કમિટમેન્ટ જાહેર કરીને કામની વહેંચણી બાબતે સંપૂર્ણપણે ઓનલાઈન પદ્ધતિથી કાર્યવાહી કરવાની પણ કમિટમેન્ટમાં સ્પષ્ટ જણાવાયું હતું.

જ્યારે બીજી બાજુ અગાઉ વડોદરામાં આવેલા પૂરની યાદ અપાવીને શહેરમાં પર્યાવરણ અને શહેરના વિકાસ બાબતે કોંગ્રેસ દ્વારા કમિટમેન્ટમાં જણાવ્યું હતું કે વિશ્વામિત્રી મેગા પ્રોજેક્ટ હેઠળ વિશ્વામિત્રીની કાયાપલટ કરવા માટે સ્પેશિયલ ટાસ્ક ફોર્સ બનાવવાની પણ કમિટમેન્ટમાં જાહેરાત કરાઈ હતી. આવી જ રીતે વડોદરા શહેરમાં અવારનવાર આવતા વિશ્વામિત્રીમાં પુરને નિયંત્રણમાં રાખવા સહિત નદીના શુદ્ધિકરણ અને તેના બ્યુટીફિકેશન માટે પણ કમિટમેન્ટ કરાયું હતું. તેવી જ રીતે પર્યાવરણની સુરક્ષા બાબતે કમેન્ટમાં જણાવ્યું હતું કે વડોદરા શહેરની હવાની ગુણવત્તા સુધારવા માટે વાર્ષિક ૧૦ ટકાની ગતિથી શહેરનું ગ્રીન કવર વધારવા પણ આગામી પાલિકા ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ સત્તામાં આવવાની આશા સાથે શહેરીજનોને જુદા જુદા સ્વપ્ન બતાવવામાં આવ્યા છે.

# જામનગરઃ લગ્નના ૨૦ દિવસ પહેલા જ સગીરાએ બાળકને જન્મ આપતા ચકચાર



જામનગર શહેરમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં લગ્નની તૈયારીઓ વચ્ચે એક સગીરાએ બાળકને જન્મ આપતા પરિવારજનો દંગ રહી ગયા છે. સગીરાના જ મંગેતરે તેની સાથે અવારનવાર દુષ્કર્મ આચર્યું હોવાનું બહાર આવતા પોલીસે નરાધમ મંગેતરની ધરપકડ કરી તેને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.મળતી માહિતી અનુસાર, જામનગરના રાજકોટ રોડ વિસ્તારમાં રહેતી એક સગીરાની સગાઈ નજીકના વિસ્તારમાં રહેતા એક શ્રમિક યુવક સાથે નક્કી કરવામાં આવી હતી. પરિવારના સભ્યો કામ અર્થે બહાર ગયા હોય ત્યારે સગીરા ઘરે એકલી રહેતી હતી. આ તકનો લાભ ઉઠાવી મંગેતર અવારનવાર ઘરે આવી તેણીની મરજી વિરુદ્ધ બળજબરીથી શારીરિક સંબંધ બાંધતો હતો. આ સતત થતા દુષ્કર્મના પરિણામે સગીરા ગર્ભવતી બની ગઈ હતી.લગ્નને આડે જ્યારે માત્ર ૨૦ દિવસ બાકી હતા, ત્યારે સગીરાને અચાનક પેટમાં અસહ્ય દુઃખાવો ઉપડ્યો હતો. તેને તાત્કાલિક સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં તબીબી તપાસ દરમિયાન સગીરા ગર્ભવતી હોવાનું અને તેને પ્રસૂતિની પીડા ઉપડી હોવાનું બહાર આવતા પરિવારના સભ્યો સ્તબ્ધ થઈ ગયા હતા. પ્રસૂતિ દરમિયાન સગીરાએ એક પુત્રને જન્મ આપ્યો હતો.ઘટનાની ગંભીરતાને જોતા સગીરાની માતાએ તાત્કાલિક પોલીસનો સંપર્ક સાધ્યો હતો. માતાની ફરિયાદના આધારે જામનગર પોલીસે આરોપી મંગેતર વિરુદ્ધ દુષ્કર્મ અને પોક્સો સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી તેને કોર્ટમાં રજૂ કર્યો હતો, જ્યાંથી તેને જેલ હવાલે કરવામાં આવ્યો છે. હાલમાં સગીરા અને નવજાત શિશુ બંને સ્વસ્થ હોવાનું જાણવા મળ્યું છે.

# પાટણના ભીલવાસમાં પાણી-ગંદકીનો પ્રશ્નઃમહિલાઓએ ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી





પાટણ શહેરના વોર્ડ નંબર ૧૦ માં આવેલા મીરા દરવાજા ભીલવાસ વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓના અભાવે સ્થાનિક મહિલાઓએ તંત્ર સામે વિરોધ પ્રદર્શન કર્યું છે. ઉનાળાના પ્રારંભે જ આ વિસ્તારમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે, જેના કારણે ગૃહિણીઓને ભારે મુશ્કેલી પડી રહી છે.મહિલાઓના જણાવ્યા અનુસાર, તેમને પૂરતા પ્રમાણમાં અને નિયમિત પાણી મળતું નથી. પીવાના પાણીની સમસ્યા ઉપરાંત, વિસ્તારમાં સ્વચ્છતાનો પણ અભાવ છે. ઠેર-ઠેર ગંદકીના ઢગલા જોવા મળે છે, જેના કારણે સ્થાનિકોના આરોગ્ય સામે જોખમ ઊભું થયું છે.સ્થાનિક મહિલાઓએ આક્ષેપ કર્યો હતો કે, ×ચૂંટણી સમયે નેતાઓ 'માતાજી' કહીને પગે લાગે છે અને અનેક વાયદાઓ કરીને વોટ લઈ જાય છે. પરંતુ ચૂંટાયા પછી પાંચ વર્ષ સુધી તેઓ ક્યારેય વિસ્તારની મુલાકાત લેતા નથી.×મહિલાઓએ રોષપૂર્વક ચીમકી ઉચ્ચારી છે કે જો આ વખતે લાયક અને કામ કરે તેવા ઉમેદવારો મેદાનમાં નહી હોય અથવા તેમની સમસ્યાઓનું કાયમી નિરાકરણ નહી આવે, તો તેઓ આગામી ચૂંટણીનો સંપૂર્ણ બહિષ્કાર કરશે.સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે જનતાનો આ રોષ રાજકીય પક્ષો માટે ચિંતાનો વિષય બની શકે છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




**NOGSS NO : 161**
વિષય : પ્રકૃતિ અને માનવનો સંબંધ
શિર્ષક : પવનની લહેરખી અને મનવીણાના તાર
પ્રકાર : અછાંદસ કાવ્ય  શબ્દો:૧૦૦

આ તો જરા બારી ખોલી તો ,
પવનની લહેરખીનો જરા જેટલો સ્પર્શ
રોમેરોમ અને અંગેઅંગમાં વ્યાપીને,
મારા મનવીણાના તારને ઝંઝોડી ગયો!
પુષ્પોની પાંદડીનો મઘમઘાટ
મારા અંતરના નાદને વલોવી ગયો!

આ તો જરા બારી ખુલી તો,
પહાડોના ઝરણાંની જોઈ તાલબધ્ધતા
તરુવરની ડાળ બધી ઝુમતી ગઈ!
મોરપિચ્છ ઊડે જાણે નાચે છે તાલમાં
મારી જ હથેલીમાં જોને....
કેવાં મેઘધનુષી રંગો જરા છાંટતી ગઈ!

આ તો જરા બારી ખુલી તો,
ઉષા ને સંધ્યાની લાલી જળમાં સંતાણી
ટહુકાનો સૂર રેલાવે આંબે કોયલ રાણી!
દૂર ગગને ભાસે જાણે ક્ષિતિજે દરિયાપાણી
કુદરતની લીલાને આ તો કોઈ શક્યું ના જાણી!
ગ્રીષ્મા પંડ્યા (અમદાવાદ)
★★★★★સ્ત્ર

**NOG SS NO 166**
વિષય :-"પ્રકૃતિ અને માનવનો સંબંધ"
શીર્ષક લહેરાતા "સુખનો અહેસાસ"
પ્રકાર. :-પદ્ય.શબ્દો:- ૯૭

પ્રકૃતિ અને માનવની વચ્ચે અજબ ગજબનો સંબંધ છે,
લહેરાઈ રહેલા આ વૃક્ષો માનવનાં જીવનનો આધાર છે.

સરરર વહેતા સમિરમાં હમેશા પ્રેમનો સાદ સંભળાય છે,
નિર્મળ વહેતા ઝરણાંઓમાં મધુર સંગીતનો ગુંજારવ છે.

વૃક્ષોમાં રહેતા પક્ષીઓના મીઠા ગીતોમાં મધુર લલકાર છે,
ઉદ્યાનમાં ડોલતા પૂષ્પોની મહેંક સૌને મદહોંશ બનાવે છે.

પરંતુ આજે માનવ લોભમાં પડી વૃક્ષોને કાપતો જાય છે,
વૃક્ષોની છાયાંમાં કરેલ વિશ્રામનો ઉપકાર ભૂલતો જાય છે.

પ્રકૃતિ તો હમેશા આપણા જીવનને ખુશખુશાલ બનાવે છે,
માનવ જીવનના આરોગ્ય માટે ઔષધનો ખજાનો લાવે છે.

માનવ પ્રકૃતિનો અંશ છે એને સાચવવાની તેની ફરજ છે,
"મુરલી" પ્રકૃતિ અને માનવ વિશ્વમાં સુખનો અહેસાસ છે.

રચના:-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)
★★★★★★★

**NOGSS NO :158**
વિષય:પ્રકૃતિ અને માનવનો સંબંધ
શીર્ષક:પ્રકૃતિનો સંદેશ
પ્રકાર:પદ્ય. ?શબ્દો:૧૦૦

કાપો નહીં હવે ઝાડ ઉગાડો આ સંદેશ ગુંજાવો,
પુણ્ય પવિત્ર દેવભૂમિની દેશની માટીને બચાવો!

પ્રકૃતિ જીવનદાયિની આપે શુદ્ધ હવાને પાણી,
આવો બધાં મળી એને બચાવીએ જિંદગાની!

વૃક્ષને કાપો નહીં ધરતી પર બાગ બગીચા મહેકાવો,
આપે છે પ્રાણવાયુ એટલે જંગલોને ઉછેરો!

જળ એજ જીવન છે એને વ્યર્થ તમે ના ગુમાવો,
ભાવી પેઢી માટે સુરક્ષિત કરો જળને બચાવો!

ઊંચા ઊંચા પર્વતના શિખરો ગગનને અડકે,
ચારે બાજુ ફેલાયેલી લીલોતરી મનમાં મલકે!

'પ્રેમ' પ્રકૃતિ આપણી માત સાથે નાતો જોડો.
આ સંદેશ ગુંજાવો હવે ઝાડ કાપો નહીં ઉગાડો!

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ'
આદરીયાણા-સુરેન્દ્રનગર
★★★★★★

**NOG SS NO 167**
વિષય:"પ્રકૃતિ અને માનવનો સંબંધ"
શિર્ષક:"સિક્કાની બે બાજુ"
પ્રકાર:ગદ્ય. શબ્દો:૩૪૭

પ્રકૃતિ અને માનવ વચ્ચેનો સંબંધ માનવના જન્મથી શરૂ થાય છે.પ્રકૃતિ એ માનવ જગત માટે એક ઈશ્વરી ભેટ છે. સમગ્ર બ્રહ્માંડની એજ તો ખરી ઈશ્વરી તાકાત કે ઈશ્વરી સત્તા છે. પ્રકૃતિથી કોઈપણ માનવ અજાણ નહીં હોય. ચારેતરફ વિસ્તરેલી અને વિસ્તરતી જતી શક્તિ એટલે પ્રકૃતિ જેને આપણે હળપળ માણીએ અને જાણીએ છીએ, અનુભવિએ છીએ.

પ્રકૃતિને આપણે અનુભવી શકીએ, સ્પર્શી શકીએ અને જોઈ શકીએ એવા મુખ્ય પાંચ તત્વ છે જેને આપણે પંચતત્વ કહીએ છીએ. વાયુતત્વને સ્પર્શથી અનુભવી શકીએ છીએ. આકાશતત્વને આંખોથી નીરખી શકીએ છીએ. પૃથ્વી અને જળતત્વને સ્પર્શી શકીએ છીએ. જ્યારે અગ્નિતત્વને સ્પર્શી નથી શકતા પણ નીરખીને અનુભવી શકીએ છીએ.આ પાંચેય મુખ્ય તત્વો જ બ્રહ્માંડનું સંચાલક બળ છે. જેને આપણે પ્રકૃતિનું સ્વરૂપ ગણીએ છીએ. આમાંથી એકપણ તત્વ ગેરહાજર થાય તો પ્રકૃતિનું સંચાલન વેરવિખેર અને ડામાડોળ થઈ જાય છે.

પ્રકૃતિનું મહત્વ માનવ જીવનમાં હોવા છતાં તેનો ગેર ઉપયાગ, દુરુપયોગ કે પ્રકૃતિએ ઘડેલ ધારાધોરણથી વિરુદ્ધ કાર્ય કરતા હોઈએ છીએ એવું ઘણી વખત બનતું હોય છે. બીજી મહત્વની વાત એ છે કે પ્રકૃતિ આપણને જે આપે છે તેની સામે આપણે તો કંઈજ આપતા નથી કે પ્રકૃતિ ક્યારેય આપણી પાસે માંગતી નથી. એટલે જ કદાચ પ્રકૃતિએ આપેલ ભેટનું મહત્વ ઘણું ઓછું આંકતા હોઈએ છીએ. જેની સામે પ્રકૃતિએ ક્યારેય ક્યાંય ફરિયાદ નહીં કરી હોય.હા, ક્યારેક ચેતવણી આપી હશે જેને આપણે સદંતર પણે અવગણી હશે.જેના પરિણામ સ્વરૂપે ઘણી વખત કોઈ ઘટના ઘટે જેવી કે ધરતીકંપ, પુર, અતિવૃષ્ટિ, જંગલમાં આગ અને હવાના વિનાશક વા-વંટોળ, વાવાઝોડા વગરે ઘટના ઘટે ત્યારે તેને આપણે પ્રકૃતિની આફતમાં ગણાવી દઈએ છીએ છે.પણ જો સાચી હકીકત જાણીને હિસાબ માંડવામાં આવે તો આવી ઘટના ઘટવા પાછળનું કારણ કંઈ જૂદૂ જ હોય છે જે કદાચ સાચું હોવા છતાં આપણને માન્ય હોતું નથી.

દરેક પ્રકૃતિ દ્વારા નિર્મિત આફતથી પ્રકૃતિને જે નુકશાન થવું જોઈએ એ નથી થતું ફકત પરિસ્થિતિ બદલાય છે. અતિવૃષ્ટિથી જળતત્વને, ધરતીકંપથી પૃથ્વીતત્વને, આગથી અગ્નિતત્વને, વાવાઝોડાથી વાયુતત્વને કે આ દરેકનાં પરિણામ સ્વરૂપે આકાશતત્વને કંઈજ નુકશાન થતું આપણે ક્યારેય જોયું નથી. તો આખરે આ નુકશાન થયું કોને? પ્રકૃતિનાં નિયમોને અવગણીને આપણે જ આપણું નુકશાન કરીએ છીએ એવું નથી લાગતું? કદાચ સવાલનો જવાબ હા હશે તો પણ એ અનુભવે સમજાશે અત્યારે નહીં.

નરેન્દ્ર ત્રિવેદી(ભાવનગર)
★★★★★★

**NOG SS NO.:0101**
વિષય : પ્રકૃતિ અને માનવ સંબંધો
શીર્ષક: પ્રકૃતિ અને માનવ: એક અતૂટ અને શાશ્વત સંબંધ
પ્રકાર: લેખ  શબ્દો: ૩૫૦

પ્રકૃતિ એટલે માનવની અંદર વહેતી પ્રભુ પ્રેમની સંવેદના અને સભાનતા. અસ્તિત્વનો અહેસાસ અને આનંદનો ઘેઘૂરનાદ
?પ્રકૃતિ અને માનવ વચ્ચેનો સંબંધ સૃષ્ટિના આરંભથી જ અત્યંત ગાઢ અને અવિભાજ્ય રહ્યો છે. માનવી એ પ્રકૃતિનું જ એક સંતાન છે. પંચમહાભૂત એટલે કે પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશના મિશ્રણથી બનેલું માનવ શરીર અંતે તો પ્રકૃતિમાં જ વિલીન થાય છે. આ સંબંધ માત્ર ભૌતિક નથી, પરંતુ માનસિક અને આધ્યાત્મિક પણ છે.
?પ્રકૃતિ માનવીની પાયાની જરૂરિયાતો પૂરી પાડનારી 'અન્નપૂર્ણા' છે. સવારે ઉગતા સૂર્યના કિરણોથી માંડીને રાત્રે શીતળતા આપતા ચંદ્ર સુધી, અને ખળખળ વહેતી નદીઓથી માંડીને અફાટ સાગર સુધી દરેક તત્વ માનવ જીવનને ધબકતું રાખે છે. વૃક્ષો આપણને ઓક્સિજન આપે છે, નદીઓ તરસ છિપાવે છે અને માટી આપણને અનાજ આપે છે. સાચું કહીએ તો, પ્રકૃતિ વગર માનવ અસ્તિત્વની કલ્પના પણ અશક્ય છે.
?આજના ભાગદોડભર્યા અને તણાવયુક્ત જીવનમાં પ્રકૃતિ એક શ્રેષ્ઠ 'થેરાપી' તરીકે કામ કરે છે. જ્યારે માનવી શહેરના ઘોંઘાટથી કંટાળીને પહાડોની શાંતિમાં કે જંગલોની હરિયાળીમાં જાય છે, ત્યારે તેને એક અનોખો આત્મિક સંતોષ મળે છે. પક્ષીઓનો કલરવ, ફૂલોની સુગંધ અને લહેરાતા પવનનો સ્પર્શ માનવીના થાકને ક્ષણભરમાં દૂર કરી દે છે. કવિઓ અને લેખકો માટે પ્રકૃતિ હંમેશા પ્રેરણાનું ઝરણું રહી છે.
?દુર્ભાગ્યવશ, આધુનિકતા અને વિકાસની આંધળી દોટમાં માનવી આ અતૂટ સંબંધને ભૂલી રહ્યો છે. માનવીએ પોતાની લાલચ સંતોષવા માટે જંગલો કાપ્યા, નદીઓને પ્રદૂષિત કરી અને પર્વતોને કોતરી નાખ્યા. પરિણામે, આજે આપણે ગ્લોબલ વૉર્મિંગ, અકાળે વરસાદ અને કુદરતી આપત્તિઓનો સામનો કરી રહ્યા છીએ. પ્રકૃતિ જ્યારે પોતાનું સંતુલન ગુમાવે છે, ત્યારે તેની સૌથી મોટી અસર માનવજાત પર જ પડે છે.
?પ્રકૃતિ એ ભગવાનની સૌથી સુંદર ભેટ છે. આપણે યાદ રાખવું જોઈએ કે આપણે પ્રકૃતિના 'માલિક' નથી, પરંતુ તેના એક 'અંશ' છીએ. જો આપણે પ્રકૃતિનું જતન કરીશું, તો જ
આભાર - નિહારીકા રવિયા પ્રકૃતિ આપણું જતન કરશે.
?"પ્રકૃતિ પાસે દરેકની જરૂરિયાત પૂરી કરવાની શક્તિ છે, પણ કોઈની લાલચ પૂરી કરવાની નહીં."
?આથી, ચાલો આપણે સંકલ્પ કરીએ કે વધુમાં વધુ વૃક્ષો વાવીએ, પાણીનો બચાવ કરીએ અને પ્રદૂષણ ઘટાડીએ. પ્રકૃતિ સાથેનો આપણો સંબંધ ફરીથી મૈત્રીપૂર્ણ અને આદરપૂર્ણ બનાવવો એ આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે. પ્રકૃતિ બચશે, તો જ માનવતા બચશે.

★ભરત સાંગાણી (અમદાવાદ)
★★★★★★

**NOG SS NO 173/**
પ્રકાર - પદ્ય
શબ્દ સંખ્યા -૧૩૩
વિષય -' પ્રકૃતિ અને માનવનો સંબંધ '
શીર્ષક -
'પ્રકૃતિ અને માનવનો અતૂટ નાતો'

?ધરતીની આ લીલી ચાદર,
માનવ તારૂં ધામ છે,
વૃક્ષોની આ શીતળ છાયા,
ઈશ્વરનું વરદાન છે.

પવન લહેરે વાતો કરતી,
સરિતા વહેતી જાય છે,
માનવ તારાં શ્વાસમાં જો,
કુદરત પણ મલકાય છે.

?સૂરજ આપે તેજ તને ને,
ચંદ્ર આપે શીતળતા,
વાદળ વરસી પોષે તને,
ભૂલીને બધી વિષમતા.

પણ લોભ તારો વધતો જાય, કુદરત પર તું ઘા કરે,
ભૂલી ગયો કે એ જ ધરા,
તારો બોજ આખો ખમે.

?પંખીઓનાં કલરવમાં છે,
જીવન સંગીત નો સૂર,
કુદરતથી જો વેગળો રહેશે,
સુખ થશે તારાથી દૂર.

માટી સાથે પ્રીત કરી લે,
એ જ તારી કાયા છે,
પ્રકૃતિની આ રક્ષામાં જ,
માનવ તારી માયા છે.

?ચાલો સૌ સંકલ્પ કરીએ, હરિયાળી ને સાચવીએ,
માનવ અને પ્રકૃતિનો,
મૈત્રી સંબંધ દીપાવીએ.

વૃક્ષ વાવીએ, જીવ બચાવીએ,
એ જ સાચું જ્ઞાન છે,
કુદરત છે તો માનવ છે,
એ જ સૃષ્ટિનું સન્માન છે.

-ડો. દક્ષા જોશી નિર્ઝરા
અમદાવાદ, ગુજરાત.
★★★★★★

**NOG SS NO-195**
વિષય:પ્રકૃતિ અને માનવ સંબંધ
શીર્ષક: નિસર્ગની બેઠક
પ્રકાર: પદ્ય અછાંદસ
શબ્દો : ૭૫

વાંકીચૂકી રેખાઓ મેં હાથ વચાળે રાખી છે,
સ્મિત છલકે મોઢાનું ઉપર મીઠાસ રાખી છે.

આકાશને આમંત્રણ છે સૂરજ ચંદ્રની સાથે,
સિતારાના મોતી ટાંકી રાત સજાવી રાખી છે.

પૃથ્વીનું પાથરણું કરી સૃષ્ટિને શણગારી છે,
ફુલવારીની ફોરમથી મહેફીલ મનાવી રાખીછે.

હરખ હેતની સરીતાઓ સમંદરે સમાણી છે,
ઘુઘવતા મોજાઓની મિજબાની મેં રાખી છે.

લહેરાતી લતાઓને લહેકો લઈ બોલાવી છે,
નિસર્ગના નમણાં નેડાની નાની બેઠક રાખી છે.

સુરસંગીતની સભા છે આયોજક અવિનાશી છે,
અંતર્યામીને આવકારવા, રસ્તે રંગોળી રાખી છે.

અમૃત શ્રીમાળી (મહેસાણા)

# આવકારો આભ જેવડો હોવો જોઈએ ભલા માણહ પછી ભલેને પીવા માટે ત્યાં ચા ની જગ્યાએ ઉકાળો કેમ ના આપે!

આજે આપણે ચિંતનાત્મક લેખ માં જોઇએ તો એક સમયની વાત છે એક ખૂબ જ જિજ્ઞાસુ તપસ્વી,જુદા જુદા રાજ્યમાં ફરતા ફરતા,એક એવા રાજ્યમાં પહોંચ્યા જ્યાં લોકો સંતોષમાં રહેતા હતા.રાજાનું નામસાંભળી ને,તપસ્વીને તેમને મળવાની તીવ્ર ઈચ્છા થઈ."જે રાજાના રાજ્ય માં આટલો 'આનંદ' પ્રવર્તે છે, તેના ચારિત્ર્ય માં ચોક્કસ કંઈક અસાધારણ હોવું જોઈએ!"આ વિચારીને,તે રાજમહેલ તરફ આગળ વધ્યો.
મહેલની પહેલી સુરક્ષા ચોકી પર બે સૈનિકો તેમણે તપસ્વીનેરોક્યો આ સૈનિકોમાં એવું લાગતું હતું કે તેમના બખ્તર તેમના છાતી કરતાં તેમના અહંકારને વધુ રક્ષણ આપી રહ્યા હતા.તેમના અવાજો તૂટેલા ઢોલના ટીપાં જેવા સંભળાતા હતા.
પહેલો સૈનિક:"અરે,વૃદ્ધમાણસ! તમે કોણ છો?શું શાહી મહેલ તમારા કાકાનું ઘર છે,જેમાં તમે હમણાં જ ફરવા આવ્યા છો?તમે કોઈ દુશ્મન જાસૂસ નથી ને?તમારા થેલામાં તમે શું છુપાવ્યું છેમીઠાઈઓ કે બોમ્બ? ચાલ, નીકળ જા!નહીં તો,અમે તને એટલી બધી ધૂળ ખવડાવીશું કે તમને તમારી પોતાની દાઢીનો રંગ પણ યાદ નહીં આવે!"
તપસ્વીએ તેમની ઉદ્ધતતા,તેમની કઠોર ભાષા અને તેમની તુચ્છ માનસિકતા જોઈ.તે હસ્યો અને શાંત સ્વરે જવાબ આપ્યો: ચોક્કસ.
સૈનિકોએ મૂંઝવણભરી નજરો બદલી.બીજો સૈનિક : "તમારો મતલબ શું છે, 'ચોક્કસપણે'? એનો અર્થ શું થવાનો હતો? તમે અમારા પ્રશ્નોના જવાબ કેમ નથી આપતા,અસંસ્કારી લુચ્ચો!"
સંન્યાસીએ ફરી એકવાર માથું હલાવ્યું અને બરાબર એ જ ગુપ્ત જવાબ આપ્યો: "ચોક્કસ."
સૈનિકોએ તારણ કાઢ્યું કે સંન્યાસી નિઃશંકપણે ગાંડો છે અથવા કદાચ કોઈ ગુપ્તચર માત્ર ડરથી,તેઓએ સંન્યાસીને ધક્કો મારીને જવા દીધો. રાજમહેલના મુખ્ય દરવાજા પર, એક ચાલાક અને સંકુચિત મન નો દ્વારપાલ મળ્યો.આ સજ્જન સૈનિકો કરતાં વધુશુદ્ધ હતો,છતાં તેની નજરમાં "દક્ષિણા★ નું ગણિત" સતત રમતા હતા.
દ્વારપાલ (એકદમ ઢોંગી મધુર અવાજમાં): "મને માફ કરો, આદરણીય ઋષિ. જો તમે દાન લેવા આવ્યા હોય,તો આજે રાજાને દાન આપવાનો દિવસ નથી.રાજા આગામી પૂર્ણિમાએ દાન દક્ષિણા અર્પણ આપશે તે દિવસે તમે આવો,અને તમને સારું દાન દક્ષિણા મળશે. આજે તમે, મહેરબાની કરીને ચાલ્યા જાઓ; મહારાજ વ્યસ્ત છે. અહીં તમારો સમય બગાડો નહીં."
ઋષિએ જોયું કે દ્વારપાલનો સ્વભાવ બાહ્ય રીતે નમ્ર હતો, પરંતુ તે મહેમાનને "બિનજરૂરી ખર્ચ" સિવાય બીજું કંઈ માનતો ન હતો.
ઋષિ બાબા (હાથ ઉંચો કરીને): "બરાબર."
દ્વારપાલ એકદમ ગુસ્સે ભરાઈ ગયો.તેણે ગુસ્સાથી જવાબ આપ્યો: "હું તમને પૂછું છું - બરાબર શું? શું તમે એમ કહેવા માગો છો કે હું ખોટો છું?"
ઋષિએ ફરી એકવાર પુનરાવર્તન કર્યું: "બરાબર."
દ્વારપાલને ખાતરી થઈ ગઈ કે આ તપસ્વી કોઈ જાદુગર હશે જેણે તેની ગણતરીઓને સંપૂર્ણ પણે મૂંઝવી નાખી હતી. ગભરાટ માં,તે સીધો મંત્રી પાસે દોડી ગયો
મંત્રી-જે હંમેશા 'નિયમો અને નિયમો'નો જાડો ગ્રંથ પોતાના હાથ નીચે લટકાવેલો હતો તરત જ તપસ્વીને મળવા બહાર આવ્યો
મંત્રી : "આદરણીય તપસ્વી, મારા નમ્ર વંદન.હું તમારી વાત સાંભળવા માટે અહીં છું,પરંતુ કૃપા કરીને ટૂંકમાં કહો.મહારાજા તેમના શાહી ભોજન'માં ભાગ લેવાના છે. હું તેમનો કિંમતી સમય બગાડી શકતો નથી. મને તમારી ઓળખ અને તમારો હેતુ જણાવો અને હું ખાતરી આપું છું કે બધું 'યોગ્ય રીતે પતી જશે"
તપસ્વીએ મંત્રીની કાર્યક્ષમતાની પ્રશંસા કરી,છતાં તેણે એ પણ જોયું કે, મંત્રી માટે, 'સમયપત્રક' અને 'વ્યવસ્થા' તેમની સામે ઉભેલા જીવંત મહેમાન કરતાં ઘણું વધારે મહત્વનું હતું.તપસ્વી (નરમા સ્વરે): "ચોક્કસપણે." મંત્રી આશ્ચર્યચકિત થઈ ગયા. બે શબ્દોના જવાબમાં તેનું 'સંગઠન નું જ્ઞાન' બધું જ ક્ષીણ થઈ ગયું. મૂંઝાઈને,તે સીધો રાજાનાઓરડા માં દોડી ગયો અને તેને "ચોક્કસ પણે" શબ્દો પાછળના રહસ્યથી વાકેફ કર્યો.જે ક્ષણે મહારાજે સાંભળ્યું કે એક ઋષિ તેમના દરવાજે છે અને ભોજન પહેલાં તેમને યોગ્ય માન આપવામાં આવ્યું નથીતે તરત જ ઉભા થઈ ગયા.
મહારાજ (તેમનો અવાજ સાચા પ્રેમ અને નમ્રતાથી ભરેલો હતો): "ભોજન ઠંડુ થવા દો! મારા ઉંબરાને પાર કરનાર કોઈપણ વ્યક્તિનું સન્માન મારા દરેક નિયમ કરતાં વધુ મહત્વનું છે!"
મહારાજ પોતે તેમનું સ્વાગત કરવા દોડી આવ્યા.તેમણે ઋષિ ના પગ ધોયા,તેમને તેમના પોતાના કરતાં પણ ઊંચા આસન પર બેસાડ્યા,અને નમ્રતાપૂર્વક વિનંતી કરી કે તેઓ તેઓ ભોજન લે.ઋષિએ પેટ ભરીને ખાધું. ઋષિ સંતુષ્ટ થઈ ગયા,રાજાએ હાથ જોડીને કહ્યું: "મહાત્માજી,મારા સૈનિકો,મારા દ્વારપાલો અને મારા મંત્રીઓ - બધા તમારા વાક્ય'ને કારણે .' મૂંઝાઈ ગયા છે,કૃપા કરીને મને સમજાવો."
હળવેથી હસતાં ઋષિએ જવાબ આપ્યો:"એ જ કારણ છે."પછી ઋષિએ સમજાવવાનું શરૂ કર્યું:
સૈનિકો વિશે"એટલા જ કારણ થી: "તેમની વાણી કઠોર, ઘમંડી અને અભદ્ર હતી. તેમનું વર્તન આવું હતું -અને તેથી જ તેઓ સૌથી નીચલા સ્તર પર બિરાજ માન હતા; ક એવી સ્થિતિ જ્યાં તેઓ ફક્ત લાકડી કેવી રીતે ચલાવવી તે જાણે છે,તેમની પાસે કોઈ શાણપણ નથી.
દ્વારપાલ વિશે -"એટલા જ કારણથી": "તેમની માનસિકતા ફક્ત પૈસા અને વાણિજ્ય સુધી મર્યાદિત હતી,આતિથ્યની ભાવનાથી વંચિત હતી.તેમનો દ્દષ્ટિકોણ સંકુચિત હતો અને તેથી જ તે દરવાજા પર અટવાયેલો રહ્યો, મહેલમાં પ્રવેશ કરી શક્યો નહીં."
મંત્રી વિશે "એટલા જ કારણથી : "તે નમ્ર હતા,છતાં તેમના માટે, નિયમો જીવંત મહેમાન કરતાં અગ્રતા ધરાવતા હતા.તેમની પાસે વ્યવસ્થાની ભાવના હતી, પરંતુ હૃદયનો અભાવ હતો. તેમનું વર્તન એક કાર્યક્ષમ નોકર જેવું હતું અને તેથી જ તેઓ મંત્રીનું પદ ધરાવે છે."
રાજા વિશે,"એટલા જ કારણ સર "હે રાજા!તમે તમારું ભોજન છોડી દીધું,તમે મને તમારા કરતા ઊંચું સ્થાન આપ્યું અને તમે મારી જરૂરિયાતો પૂરી કરી.તમારા વર્તનમાં નમ્રતા, નિઃસ્વાર્થતા અને પ્રેમ છલકાયછે તમારું વર્તન ઉચ્ચતમ સ્તરનું છે અને તેથી જ તમે રાજાના સર્વોચ્ચ સિંહાસન પર બિરાજ માન છો."
"યાદ રાખો,હે રાજા,"ઋષિએ નિષ્કર્ષ કાઢ્યો, "વ્યક્તિનું સ્થાન તેના વર્તન દ્વારા નક્કી થાય છે, તેનાથી વિપરીત નહીં.દરેક વ્યક્તિ ફક્ત પોતાના વર્તનની શક્તિ દ્વારા જ વિશ્વમાં પોતાનું સ્થાન બનાવે છે."
મનુષ્યનો મોટામાં મોટો શત્રુ કામ છે. તેમાંથી બીજા દુર્ગુણો ઉત્પન્ન થાય છે. ગીતામાં પ્રભુએ કહ્યું છે કે,કામમાંથી ક્રોધ અને ક્રોધમાંથી સંમોહ અને સંમોહમાંથી સ્મૃતિ વિભ્રમ, એટલે કે સ્મૃતિભ્રંશ અને સ્મૃતિભ્રંશમાંથી છેવટે બુદ્ધિનો નાશ થાય છે.આમ કામનું છેલ્લું પરિણામ બુદ્ધિ નાશમાં આવે છે, પણ ઈશ્વર ને જો કામ અર્પણ થાય તો તે તેમાં મળી જાય.ઈશ્વરમાં મળી ગયેલા કામનું બીજ રહેતું નથી, એટલે એ ફરીથી અંકુરિત થઈ શકતો નથી.
સંસારનાં સર્વ સાંસારિક સુખોનો મનથી ત્યાગ કરી ઈશ્વરને માટે વ્યાકુળતાથી ગોપીઓની જેમ જે નીકળી પડે છે તે ધન્ય છે. તેથી તો ભગવાન ગોપીઓનું સ્વાગત કરતાં કહે છે કે, મહા ભાગ્યશાળી સ્ત્રીઓ આવો!
ભાગવતકાર ગોપીઓને મહા ભાગ્ય શાળી કહી સંબોધન કરે છે અને નારદજી ભક્તિસૂત્ર વ્રજગોપીઓને મહાન ભાગવદ ભક્ત કહે છે.
ભગવાન એક ગોપીને મહાભાગા કહે છે. મહાભાગા એટલે મહાભાગ્યશાળી. મોટરમાં ફરે કે વિમાનમાં ફરે તે ભાગ્યશાળી નથી. જેને માથે કાળ છે, એ ભાગ્યશાળી શાનો? જેને કાળની બીક નથી એ ભાગ્યશાળી છે. સંસારના સર્વ વિષયો છોડી પ્રભુપ્રેમ માટે દોડેએ ભાગ્યશાળી પરમાત્માના પ્રેમમાં પાગલ થઈ પરમાત્માને મળવા દોડેએ ભાગ્ય શાળી! અને મહાભાગ્યશાળી કોણ?જે મનુષ્ય
આભાર - નિહારીકા રવિયા ઈશ્વરને મળવા માટે અતિ વ્યાકુળ થયો હોય તે અને તેથી જ આ બંસીનાદ અધિકારી જીવોનો એટલે કે અધિકારી ગોપીઓનો સંભળાયો, બીજાને નહીં. સંસારસુખ એ મહાદુઃખ છે એની જેને ખાતરી થઈ છે,એ સુખને જેણે છોડયું છે,તેને જ ભગવાન અપનાવે છે.
પ્રભુપ્રેમમાં જે પાગલ બને તે ભાગ્યશાળી છે.પરમાત્મા આવા જીવનું સ્વાગત કરે છે.શ્રીકૃષ્ણ ગોપીઓને પૂછે છે,કેમ દોડતાં આવ્યાં છો?વ્રજ ઉપર કાંઈ આફત તો આવી નથી ને?તમે વૃંદાવનની રાત્રિની શોભા જોવા આવ્યાં છો?તો શોભા જોઈ પાછાં ફરો.તમારા પતિ-પુત્રો તમારી રાહ જોતા હશે?
અંતર્મુખ દૃષ્ટિ કરી જીવભગવાન નું ધ્યાન કરે છે ત્યારે ભગવાન કહે છે,તું મારી પાસે શું કામ આવે છે?મારી પાસે સુખ નથી, હું સુખ આપતો નથી.સુખ જોઇતું હોય તો ઘરે પાછો જા. તારા પતિ-બાંધવો તારી રાહ જોતા હશે.
એક અર્થ નીકળે છે કે તમે ઘરે જાઓ! બીજો અર્થ નીકળે છે કે, જીવ મારા સ્વરૂપમાં મળી જાય તે પછી ઘરે જઈ શકતો નથી. પરમાત્માને મળવા માટે જીવ જાય છે ત્યારે તેને એકદમ પરમાત્મા મળતા નથી તેને આવો ભાસ થાય છે કે પરમાત્મા તેને કહે છે કે તું સંસાર સુખ છોડીને આવ્યો શા માટે જા સંસારમાં જ સુખ છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે અહીં અટકીએ અસ્તુ.
યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા

# ચૈત્ર માસમાં મંદિરે ઠંડુ ખાવાના બદલે મહિલાઓ ગ્રુપમાં ઠંડુ ખાઈ પરંપરાને રાખી રહી છે જીવંત

ચૈત્ર માસ સાથે જ ઉનાળાની ઋતુની શરૂઆત થતી હોવાથી આપણા પૂર્વજોએ ધર્મ અને વિજ્ઞાનને સાથે રાખીને કેટલીક પરંપરાઓ રાખી હતી. જેમાં ચૈત્ર મહિનામાં ઠંડુ ખાવાની પરંપરા પણ છે. જોકે,પહેલા પરિવારના સભ્યો સાથે રહીને મંદિરે ઠંડુ ખાવા જતા હતા પરંતુ આજના ફાસ્ટ જમાનામાં આ પરંપરા બદલાઈ ગઈ છે. હાલ ચૈત્ર માસમાં મંદિરે ઠંડુ ખાવાના બદલે મહિલાઓ ગ્રુપમાં ઠંડુ ખાઈ પરંપરાને રાખી રહી છે જીવંત રાખી છે. મહિલાઓ ભેગી થઈને એક દિવસ પહેલાં ભોજન બનાવે છે અને પછી સોસાયટીમાં ભેગા મળીને ઠંડુ ખાઈ પરંપરાને જીવંત રાખી રહી છે. શિયાળાની વિદાય અને ચૈત્ર મહિનાની શરુઆત સાથે જ લીમડાનો રસ પીવાનો મહિમા છે. તેની સાથે સાથે મૂળ



સુરતી પરિવારો ચૈત્ર મહિનામાં પરિવાર-મિત્રો સાથે મંદિરે જઈને ઠંડો ખોરાક આરોગે છે અને વર્ષોથી ચૈત્ર મહિનામાં એક દિવસ ઠંડુ (ટાઢું) ખાવાની પરંપરા નિભાવતા જોવા મળે છે. જોકે, હવે સમય બદલાઈ રહ્યો છે અને સુરતીઓમાં ઠંડુ ખાવાની પરંપરા યથાવત તો રહી છે પરંતુ તે આધુનિક સ્ટાઈલમાં બદલાઈ રહી છે. વડીલો કહે છે, ચૈત્ર માસ માર્ચ-એપ્રિલ દરમિયાન આવે છે અને ઉનાળાની ઋતુમાં પરિવર્તનનો સમય ગણાય છે. આ સમયે તાપમાન વધવા લાગે છે, જેના કારણે શરીરને ઠંડક આપતી વસ્તુઓનું મહત્વ વધી જાય છે. પરંપરાગત રીતે આ સમયમાં ઠંડુ અથવા એક દિવસ જૂનું ભોજન લેવાય છે, પહેલા પરિવારના સભ્યો મંદિરે જઈને એક દિવસ પહેલા બનાવેલું ભોજન આરોગતા હતા અને તેના કારણે ધાર્મિક ભાવના સાથે સામાજિક એકતા પણ જોવા મળતી. પરંતુ આજના ઝડપ ભર્યા જીવનમાં મંદિરમાં જવાની પરંપરા ધીમે ધીમે ઓછી થઈ રહી છે.

જોકે, આજના હાઈ સ્પીડ ઈન્ટરનેટના જમાનામાં કીટી પાર્ટીની બોલબાલા વચ્ચે અનેક સોસાયટીની મહિલાઓ ભેગી થઈને ચૈત્ર મહિનામાં ઠંડુ ખાવાની પરંપરા અનોખી રીતે જીવંત રાખી રહી નવી દિશા આપી છે. ચૈત્ર મહિનામાં ઠંડુ ખાવાની લુપ્ત થતી પરંપરા આધુનિક મહિલાઓએ કોઈ એક મહિલાના ઘરે, ફાર્મ હાઉસ કે અન્ય જગ્યાએ ભેગા થાય છે. જુદી જુદી મહિલા પોતાના ઘરે જુદી જુદી વાનગીઓ બનાવે છે અને પછી એક બીજા દિવસે ભેગા મળીને ઠંડુ ભોજન આરોગી વર્ષો જુની પરંપરા જીવંત રાખી રહ્યા છે. આ અંગે મહિલાઓ કહે છે કે, સમય બદલાઈ છે પરંતુ પરંપરા અમે જાળવી રાખી છે વ્યસ્ત જીવન વચ્ચે ભેગા થઈને ચૈત્ર મહિનામાં એક દિવસ ઠંડો ખોરાક આરોગીએ છીએ જેના કારણે ઘરના યંગસ્ટર્સને પણ આ પ્રથા અંગે જાણકારી મળી રહે છે.

# જૈન રાષ્ટ્રીય એકતા સંગઠન

જૈન રાષ્ટ્રીય એકતા સંગઠન ની વિચારધારા સાથે જોડાયેલા કાર્યકર્તાઓ ની આપવીતી રાજકીય ક્ષેત્રમાં પોતાનાં વિસ્તારમાં ભુકંપ તથા કોરાનો જેવી કોઈ પણ કુદરતી આપત્તિ સમયે તન મન ધનથી નિઃસ્વાર્થ ભાવે સેવા કાર્ય કર્યું છે

હાલમાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ની અંદર આ સેવાભાવી મિત્રો ને વધુ સમાજ ઉપયોગી સેવા કાર્ય માટે રાજકીય પક્ષ ની અંદર ટિકિટ ની માંગણી કરી છે પણ પક્ષ દ્વારા ફક્ત ને ફક્ત જૈન સમાજ માટે જે વિસ્તારમાં જૈન વસ્તી વધું છે તે જગ્યાએ ટિકિટ ની ફાળવણી કરવામાં આવે છે પરંતુ તે પણ ના નિષ્ઠાવાન નીડરતાથી પક્ષના આદેશો પર તન મન ધનથી નિઃસ્વાર્થ ભાવે સેવા કાર્ય કરે છે તો અન્ય વિસ્તારોમાં જૈન સમાજ ના લોકપ્રિય, સેવાભાવી કાર્યકર ને ટિકિટ થી વંચિત કરવામાં આવે છે કારણ એવું દેખાય છે કે આપની જૈન વસ્તી નહિંવત છે શું આ સ્થાનિક સ્વરાજ ની ચૂંટણીમાં આ નિર્ણય યોગ્ય છે ? સૌથી વધુ સરકારી ટેક્સ ભરનાર કોમ તરીકે જૈન સમાજ નું આગવું સ્થાન છે તો જૈન સમાજ ની આવી ગણતરી કેમ કરવામાં આવે છે

આ ગંભીર મુદ્દે જૈન સમાજ ની અંદર જૈન સમાજ ના ઉમેદવારો ને ન્યાય મલતો નથી જેથી જૈન સમાજ હવે રાજકીય ક્ષેત્રમાં જાગૃત થયો છે ત્યારે રાજકીય પક્ષો ની આ વિચારધારા થી જૈન સમાજ ની અંદર આક્રોશ દેખાય છે અને મનથી રાજકીય ક્ષેત્રમાં સંન્યાસ લેવાની ઘોષણા કે જૈન સમાજ નવું કંઈક અલગ દૃષ્ટિકોણથી કામગીરી કરવાની સમાજના આગેવાનો તથા ગુરુ ભગવંત ના આશીર્વાદ થી જૈન સમાજ માટે એકદમ આગળ મહત્વ નું સ્થાન રહે તે માટે જૈન રાષ્ટ્રીય એકતા સંગઠન દ્વારા એકતા ની મુહિમ શરૂ કરી છે




**ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કેરળ ખાતે ચુંટણી પ્રચાર દરમ્યાન ગુજરાતીઓને 'અભણ' અને 'મૂર્ખ' કહી સાડા ૬ કરોડ ગુજરાતીઓની અસ્મિતા અને સ્વાભિમાન ઉપર કરેલા પ્રહારના વિરોધમાં ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા સેકટર ૨૧ ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર ખાતે મૌન ધરણાં પ્રદર્શન યોજાયું હતું. ગુજરાતીઓ મહેનતુ છે અને દેશ માટે સમર્પિત છે. ગુજરાતીઓએ ક્યારેય દેશને તોડવાની વાત નથી કરી હંમેશા દેશને જોડવાની વાત કરી છે. આઝાદીની લડાઈ હોય કે આઝાદી બાદ દેશના વિકાસમાં યોગદાનની બાબત હોય, ગુજરાતીઓ હંમેશા અગ્રેસર રહ્યાં છે. ત્યારે મલ્લિકાર્જુન ખડગેજીનું આ નિવેદન કોંગ્રેસની ગુજરાત વિરોધી હલકી માનસિકતા દર્શાવે છે.**

# 'સત્તાથી પ્રેરિત રાજકારણ': ભાજપના સ્થાપના દિવસ પર સંદેશમાં પીએમ મોદીએ કોંગ્રેસ પર આક્રોશ વ્યક્ત કર્યો

નવી દિલ્હી,

કટોકટી અંગે કોંગ્રેસ પર પ્રહાર કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું કે ૧૯૮૪માં રેકોર્ડ બેઠકો મેળવ્યા પછી આ સૌથી જૂની પાર્ટીએ ભારતના લોકો સાથે દગો કર્યો છે. જોકે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દેશના વિકાસ માટે સતત કામ કરી રહી છે, એમ તેમણે કહ્યું, જ્યારે કોંગ્રેસે ફક્ત એક પરિવાર માટે કામ કર્યું, જેમાં તેમણે ગાંધી પરિવારનો ઉલ્લેખ કર્યો.

ભાજપના સ્થાપના દિવસ પર એક વર્ચ્યુઅલ સંદેશમાં, વડા પ્રધાને કહ્યું કે ભાજપના કાર્યકરોએ હંમેશા જનતા સાથે જોડાયેલા મુદ્દાઓ ઉઠાવ્યા છે અને ૧૯૮૦માં તેની રચના થઈ ત્યારથી તેમણે પોતાના જીવનું બલિદાન પણ આપ્યું છે. ત્યારબાદ ભાજપમાં લોકોનો વિશ્વાસ વધ્યો છે, એમ તેમણે જણાવ્યું હતું, જ્યારે ભગવા પક્ષ ઘૂસણખોરી અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓ પર કામ કરતો રહેશે.

×ભાજપ એકમાત્ર રાજકીય પક્ષ છે જ્યાં આપણે પાર્ટીને આપણી માતા માનીએ છીએ,× તેમણે કહ્યું. ×તેથી જ પાર્ટીનો સ્થાપના દિવસ ફક્ત એક રાજકીય પ્રસંગ નથી. તે દરેક કાર્યકર્તા માટે ભાવનાત્મક પ્રસંગ છે. આ દિવસ આપણને રાષ્ટ્રની સેવા કરવાની તક આપવા બદલ પાર્ટી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની તક આપે છે.×

## ગુજરાત વન વિભાગમાં ધરખમ ઉથલપાથલ

# એ.પી. સિંઘને 'હેડ ઓફ ફોરેસ્ટ'ના પદ પરથી હટાવી જયપાલસિંઘને વધારાનો ચાર્જ સોંપાયો



ગુજરાતના વન વિભાગમાં રાજ્ય સરકારે મોટા પાયે વહીવટી ફેરફારો કરતા તંત્રમાં હલચલ મચી ગઈ છે. લાંબા સમયથી ટોચના પદ પર કાર્યરત અધિકારીઓની અચાનક બદલીના આદેશો બહાર પડતા સચિવાલયના ગલિયારાઓમાં ચર્ચાઓ તેજ બની છે.વન વિભાગના મુખ્ય વન સંરક્ષક તેમજ 'હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ' તરીકે ફરજ બજાવતા એ.પી. સિંઘને તેમના પદ પરથી હટાવીને ગુજરાત સ્ટેટ ફોરેસ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનમાં મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિર્ણયને વન વિભાગના માળખામાં સૌથી મહત્વપૂર્ણ ફેરફાર માનવામાં આવી રહ્યો છે.એ.પી. સિંઘની બદલી બાદ હવે વન વિભાગના વડા તરીકેનો વધારાનો ચાર્જ જયપાલસિંઘને સોંપવામાં આવ્યો છે, જે વિભાગના કામકાજ માટે મહત્વપૂર્ણ જવાબદારી માનવામાં આવે છે. માત્ર ટોચના સ્તરે જ નહીં, પરંતુ સચિવાલયના અન્ય અધિકારીઓમાં પણ ફેરબદલ કરવામાં આવ્યા છે. વન વિભાગના નાયબ સચિવ આસવ ગઢવીની બદલી ભાવનગર ખાતે 'ડેપ્યુટી કન્ટ્રોલર સિવિલ ડિફેન્સ' તરીકે કરવામાં આવી છે, જેને સાઈડ પોસ્ટિંગ તરીકે જોવામાં આવી રહી છે.

તે જ રીતે, ઉપ સચિવ હિમાંશુ ગોહિલને પણ વન વિભાગમાંથી મુક્ત કરી સરકારી વકીલની કચેરીમાં ઉપ સચિવ તરીકે નવી જવાબદારી સોંપવામાં આવી છે. આ એકાએક થયેલા ફેરફારોને કારણે વહીવટી તંત્રમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને વન વિભાગના વડાને કોર્પોરેશનમાં મોકલવાના અને અન્ય અધિકારીઓને સાઈડ પોસ્ટિંગ આપવાના નિર્ણય પાછળના કારણોને લઈને અનેક તર્ક-વિતર્ક ચાલી રહ્યા છે.

# વડોદરામાં રાજમહેલ રોડની ૪ દુકાનમાંથી ૨૨.૧૫ લાખનો ડુપ્લીકેટ મોબાઈલ એસેસરીઝનો જથ્થો કબજે

બ્રાન્ડેડ કંપનીના ટ્રેડમાર્ક અને કોપીરાઈટના દેખરેખનું કામ કરતી કંપનીના ફિલ્ડ ઓફિસર તથા સ્ટાફે નવાપુરા પોલીસને સાથે રાખી રાજમહેલ રોડ પર આવેલા વ્રજ સિદ્ધિ કોમ્પલેક્ષમાં મોબાઈલની ચાર દુકાનોમાં તપાસ કરી હતી.(૧) શ્રીનાથ ઈલેક્ટ્રોનિક્સની દુકાનના સંચાલક અંકિત રાજેન્દ્રભાઈ દોશી (રહે-ઓમકાર સોસાયટી આજવા રોડ) કુલ ૬.૬૦ લાખની એસેસરીઝ (૨) મહાદેવ મોબાઈલના સંચાલક છેતારામ સતરારામ ચૌધરી (રહે-સાઈ ગુરુ ફ્લેટ, નવાપુરા પોલીસ સ્ટેશનની બાજુમાં) ૬.૯૭ લાખની એસેસરીઝ (૩) મહેશ મોબાઈલ નામની દુકાનના સંચાલક કપૂરારામ વરદારામ ચૌધરી (રહે-આશ્રય ફ્લેટ, માંજલપુર) ૩.૭૨ લાખની એસેસરીઝ (૪) રાધે ક્રિષ્ના મોબાઈલ નામની દુકાનના સંચાલક રમેશકુમાર રાજા રામજી ચૌધરી (રહે-કેવડા બાગ) ૪.૮૪ લાખની એસેસરીઝ મળી આવી હતી. પોલીસે કુલ ૨૨.૧૫ લાખનો સાઓમી એમ.આઈ. કંપનીનો ડુપ્લીકેટ એસેસરીઝનો જથ્થો કબજે કર્યો છે. તેમજ ચારેય વેપારીઓ સામે ગુનો દાખલ કર્યો છે.

# લાલપુરના ભણગોર ગામે પોલીસનો જુગાર અંગે દરોડો : ૬ શખ્સો ઝડપાયા

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ભણગોર ગામે જાહેર સ્થળે જુગાર રમતા ૬ શખ્સોને પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા છે. લાલપુર પોલીસ દ્વારા હાથ ધરાયેલા દરોડામાં રોકડ રકમ સહિત કુલ ૮૪ હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ભણગોર ગામના બસ સ્ટેન્ડ નજીક આરોપીઓ ગંજીપત્તાના પાનાં વડે "તીન પત્તી" નામનો જુગાર રમતા હતા. પોલીસને મળેલી બાતમીના આધારે રાત્રિના




સમયે દરોડો પાડવામાં આવ્યો હતો, જેમાં આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. ઝડપાયેલા આરોપીઓમાં ગોગનભાઈ ભીખાભાઈ ગોજીયા, રાકેશભાઈ પ્રફુલભાઈ હીરાણી, જેન્તીભાઈ ખિમજીભાઈ મેરાણી, મનોજભાઈ જમનભાઈ વાજા, પોપટભાઈ રામાભાઈ ગાગીયા અને હેમંતભાઈ જેરાજભાઈ હીરાણીનો સમાવેશ થાય છે. પોલીસે સ્થળ પરથી રૂપિયા ૧૪,૦૮૦ની રોકડ રકમ, ગંજીપત્તા, ૬ મોબાઈલ ફોન અને ૨ મોટરસાયકલ મળી કુલ ૮૪,૦૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે લાલપુર પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે, અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# ગુજરાતના અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ, વંટોળ સાથે ધૂળની ડમરીઓ ઉડી



રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે હવામાન વિભાગની આગાહી મુજબ વાતાવરણમાં જોરદાર પલટો આવ્યો છે. આજે (સાતમી એપ્રિલ) બપોર બાદ સાબરકાંઠા, મહેસાણા અને ભાવનગર સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદી ઝાપટાં પડતા ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. અચાનક આવેલા આ વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક તો પ્રસરી છે, પરંતુ ખેતરમાં ઉભેલા પાકને લઈને ખેડૂતોની ચિંતામાં મોટો વધારો થયો છે.સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર સહિતના વિસ્તારોમાં કાળા ડિબાંગ વાદળો અને ગાજવીજ સાથે કમોસમી વરસાદ તૂટી પડ્યો હતો. પવન સાથે આવેલા આ વરસાદે જનજીવનને અસર કરી છે. મહેસાણાના વિસનગરમાં પણ અચાનક પવનના સુસવાટા સાથે વરસાદની શરૂઆત થઈ હતી. અહીં વરસાદે ધમાકેદાર બેટિંગ શરૂ કરતા રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા.

ઉત્તર ગુજરાતની સાથે સાથે સૌરાષ્ટ્રના ભાવનગર શહેરમાં પણ ધીમી ધારે વરસાદનું આગમન થયું છે. વાદળછાયા વાતાવરણ વચ્ચે પવન ફૂંકાતા લોકોને ગરમીમાંથી આંશિક રાહત મળી છે. જ્યારે અમદાવાદમાં પણ દિવસભર વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું.ખેડા જિલ્લાના માતરના ગ્રામીણ વિસ્તારો અને ભલાડા સહિતના ગામોમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. વીજળીના કડાકા સાથે થયેલા આ માવઠાથી જનજીવન પ્રભાવિત થયું છે.જ્યારે આણંદના ખંભાત પંથકમાં વરસાદ પડતા ખેતરોમાં તૈયાર થયેલા ઘઉંના પાકને ભારે નુકસાન થવાની સંભાવના છે, જેને પગલે ખેડૂતો ચિંતિત બન્યા છે.નડિયાદ શહેર અને આસપાસના વિસ્તારોમાં આજે બપોર બાદ અચાનક વાતાવરણ પલટાયું હતું. જોરદાર પવન સાથે વંટોળ ફૂંકાતા રસ્તાઓ પર ધૂળની ડમરીઓ ઉડી હતી, જેના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી હતી. વંટોળ બાદ અમી છાંટા શરૂ થતા ગરમીમાં આંશિક રાહત મળી હતી, જોકે થોડો સમય અંધકારમય માહોલ છવાઈ ગયો હતો.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat